ગાંધીનગર સમાચાર

**જન્મદિને વધામણી**



**આઈ બી વાઘેલા**
એડવોકેટ
મો. ૯૮૨૫૦ ૩૭૭૮૫



**નયનાબેન નારણભાઈ પટેલ**
(વેસ્ટર્ન એગ્રી સીડ્સ)



**મહેશ એમ ભટ્ટ**
પ્રમુખ, સેક્ટર-૨૧ ડિસ્ટ્રીક્ટ શોપિંગ સેન્ટર મર્ચન્ટ એસો.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪



**ઝલક સતિશકુમાર પ્રજાપતિ**



**ધૃવિ વિજયભાઈ સુખડીયા**
મો. ૯૧૭૩૪ ૪૫૯૫૪

વાર્તાયન : પર્વ - ૧૧માં

# કોશા રાવલ અને કેતન જોશીનું વાર્તાપઠન યોજાયું

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાતી ભાષામાં લખતા નવા વાર્તાકારોને એક મંચ આપવા અને તેઓને સારી વાર્તા લખવા માટે પ્રેરિત કરવાના અને લોકોને વાર્તાકળામાં રસરૂચિ લેતા કરવાના આશયથી મધુરાય સંપાદિત ''મમતા'' વાર્તામાસિક અને ગુજરાત સાહિત્ય અકાદમીના સહયોગથી '' વાર્તાયન ''પર્વ – ૧૧ ની બેઠક તા. ૧૮, નવેમ્બરને રવિવારે સાંજે સાડા ચાર કલાકે શ્રી પી. કે. ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ મુકામે મળી હતી. જેમાં આરંભે વાર્તાયનના સંયોજક અને સર્જકશ્રી ડૉ. કનૈયાલાલ ભટ્ટે બન્ને વાર્તાકારોનો પરિચય આપીને સૌ સર્જકો તથા ભાવકોને આવકાર્યા હતા. આરંભે વીણા નરવણે લિખિત ટૂંકીવાર્તા '' નરગીસ'' નું વાંચન પ્રા.ડૉ. લીના સ્વાદિયાએ કર્યું હતું. ત્યારબાદ વાર્તાયનની આ બેઠકમાં કેતન જોશીએ પોતાની બે નાની વાર્તાઓ ''મધર્સ ડે'' અને ''સરકસ'' અને શ્રી કોશા રાવલે પોતાની મૌલિક વાર્તા '' હેઝ મી ટુ '' '' વાંચી હતી. આ વાર્તાઓની ઉપસ્થિત સૌ સર્જકો / ભાવકો દ્વારા ઊંડાણ પૂર્વકની ચર્ચા અને સમીક્ષા કરવામાં આવી હતી.

કેતન જોશીની બન્ને સાવ ટૂંકી વાર્તાઓનું સ્વરૂપ લઘુકથા જેવું હોવાની ચર્ચા કરીને એમને વાર્તા સંદર્ભે રચનારીતિ, શૈલી અને નિરૂપણ બાબતે કેટલાક સૂચનો કરવામાં આવ્યા હતા. કોશા રાવલની વાર્તામાં આજની વર્તમાન પરિસ્થિતિમાં બહુ ચર્ચિત મુદ્દો '' મી ટુ'' ઉપર ફોકસ કરવામાં આવ્યું હતું. આ સંદ્સર્ભે બે નારીના જીવનની હકિકત અને એની આંતરિક પીડાને વાર્તાની કથાગૂંથણી દ્વારા ઉપસાવી રસપ્રદ બનાવી હતી. આ ત્રણેય વાર્તાઓની સૌ એ સમીક્ષા કરી હતી. બધાની ચર્ચાને અંતે શ્રી પ્રજ્ઞા પટેલે એ ત્રણેય વાર્તાઓની સમીક્ષા કરીને પોતાનો મત રજુ કર્યો હતો. આભાર વિધી પ્રા. સંજય પટેલે કરી હતી. આ બેઠકમાં જાણીતા સર્જકો સર્વશ્રી મોહન પરમાર, દલપત ચૌહાણ, રાઘવજી માધડ તથા કાંતિલાલ શર્મા, મૂળજીભાઈ પરમાર, ઈશ્વરલાલ જોશી, હેમંત મહેતા, ગીતાબેન શાહ, હેતલ દોશી, રણછોદ પરમાર વગેરે અનેક ભાવકો ઉપસ્થિત રહ્યા હતા. દર મહિનાના ત્રીજા રવિવારે યોજાતા આ વાર્તાયન સૌને માટે ખુલ્લો હોવાથી સૌ કોઈ એમાં હાજર રહી શકે છે.



# માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનનું સાહિત્યસભર સ્નેહમિલન

ગાંધીનગર, તા. ૧૯

ધન્ય ગિરા ગુર્જરીનું સન્માન કરતી માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન સંસ્થા ગુજરાતી ભાષાસજ્જતા, ભાષા સંવર્ધન અને ભાષાસંરક્ષણ માટે સંકલ્પબદ્ધ છે. આ સંસ્થાનું સ્નેહમિલન રવિવારે બાળ વિશ્વ વિદ્યાલય, ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યું હતું.

સરસ્વતી દેવીની સ્થાપના, હિન્દુ સંસ્કૃતિમાં શુભ મનાતી રંગોળીથી સુશોભન અને માટીના દિવાનો ઉજાસ, સૌનું ચંદન તિલક સાથે સ્વાગત અને બોર્ડ પર નૂતન વર્ષ શુભેચ્છાસંદેશસાથે સમગ્ર ઉપક્રમ શત પ્રતિશત હિન્દુ સંસ્કૃતિને ઉજાગર કરતો હતો. સંસ્થાના ન્યાસ સભ્યો હર્ષદ પ્ર. શાહ, ભાગ્યેશ જહા, કિશોર જીકાદરા, પ્રવીણ વઘાસિયા, નારાયણ મેઘાણી અને ડૉ. જય ઓઝા દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું.

















સંસ્થાનાં કાર્યો અને ઉદ્દેશો સાથે સ્વાગત પ્રવચન હર્ષદ શાહ દ્વારા કરાયું. આ કાર્યક્રમમાં ગુજરાતી સાહિત્યના વિવિધ પ્રકારની પ્રસ્તુતી થઈ. ડૉ. સંજય પટેલે બાળકાવ્યો, કવિ કિશોર જીકાદરાએ ગઝલ, અનન્યા થોરાતે ગીત, ડૉ. અંબાલાલ પ્રજાપતિએ શિવતાંડવ સ્તોત્ર, હાર્દિક દ્વારા ગીત, સંજય થોરાત દ્વારા માઈક્રોફિક્શન વાર્તા, રમણ વાઘેલા દ્વારા કવિતા પ્રસ્તુત કરવામાં આવી હતી. ભાગ્યે જહા દ્વારા સંસ્કૃત અને ગુજરાતી કાવ્ય પઠનબાદ ગુજરાતી ભાષાના સંવર્ધન અને સંરક્ષણ માટે સચોટ વિચારોની રજૂઆત કરવામાં આવી હતી.

ગુજરાતી ભાષાના સાધકોએ ગુજરાતી માટે શું કરી શકાય ? એ માટે ચર્ચા અને આયોજનો કર્યા હતાં. કાર્યક્રમનું સુંદર સંચાલન સ્વાતિબા રાઓલ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો સફળ બનાવવા ધુર્જટી પ્રજાપતિ, હાર્દિક, મનીષ પાઠક, અશોક ત્રિવેદીએ જહેમત ઉઠાવી હતી. નૂતન વર્ષ નિમિત્તે એક સુંદર-સુવાચ્ય અક્ષરે લખાયેલું સંકલ્પપત્ર સૌને ભેટ આપવામાં આવ્યું હતું.



ફેડરેશન ઓફ ઈન્ફોર્મેશન ટેકનોલોજી ઓફ ગુજરાતી IT યાત્રા ગાંધીનગર ખાતે ફિટાગ પ્રમુખ પ્રફૂલ દેસાઈ લઈને આવ્યા હતા જેમણે ગાંધીનગર કોમ્પ્યુટર એસોસિએશન ના સભ્યોને ફિટાગ વિશે માહિતી આપી હતી અને toshiba, frotinet, eset,viewsonic જેવી કંપની દ્વારા સેમિનાર પણ રાખવામાં આવ્યો હતો. ખુબજ ઉમળકાભેર સ્વાગત gcha પ્રમુખ સંદીપ કોટેચા અને તેમની ટિમ દ્વારા કરવામાં આવ્યું હતું.

# જયંતિ દલાલના જન્મદિન પ્રસંગે સાહિત્યિક વ્યાખ્યાન યોજાયું




ગાંધીનગર, તા. ૧૯

ઓમ કૉમ્યુનિકેશન અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે રવિવારના રોજ સાંજે ૫-૩૦ કલાકે, આત્મા હોલ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે નાટ્યકાર,વાર્તાકાર,નવલકથાકાર, અનુવાદક જયંતિ ઘેલાભાઈ દલાલના ૧૧૦મા જન્મદિન પ્રસંગે સાહિત્યિક વ્યાખ્યાન 'પાદરનાં તીરથ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પદ્મશ્રી વિષ્ણુ પંડ્યાએ ભૂમિકા રજૂ કરી. જયંતિ દલાલના જીવન વિશે દ્રષ્ટિ પટેલે, જયંતિ દલાલનાં નાટકો વિશે જાણીતા નાટ્યકાર કપિલદેવ શુક્લે અને જયંતિ દલાલની વાર્તાઓ તેમજ નવલકથાઓ વિશે સાહિત્યકાર મણિલાલ હ. પટેલે વક્તવ્ય આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક 'શ્વેત' દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ સૌ રસિકો માટે નિઃશુલ્ક યોજવામાં આવ્યો હતો.

વિવો પ્રો. કબડ્ડી લિગના છઠ્ઠા સત્રમાં ઘરઆંગણે ગુજરાત ફોરચ્યુન જાયન્ટસની યુ.પી. યોદ્ધા સામે ત્રીજી મેચ

# યુવીના યોદ્ધાને હરાવીને વિજય કૂચ જાળવી રાખતું ગુજરાત

ગાંધીનગર, તા. ૧૯

વિવો પ્રો કબડ્ડી લિગના છઠ્ઠા સત્રમાં યજમાન ગુજરાત ફોરચ્યુન જાયન્ટસે ઘરઆંગણે તેની શાનદાર રમત જારી રાખતા યુપી યોધ્ધા સામેની મેચમાં ૩૭-૩૨થી અત્યંત રોમાંચકતા બાદ વિજય મેળવ્યો હતો. રમતની છેલ્લી ઘડી સુધી મેચનું પલડું બન્ને ટીમો તરફે ઢળતું જોવા મળ્યું હતું પરંતુ યજમાન ટીમે તેના ઘરઆંગણે સમર્થકોના સમર્થન અને છેલ્લી ઘડીએ જોરદાર આક્રમક રમત બતાવીને મેચને પોતાની તરફે કરી લીધી હતી. શહેરના એરેના ટ્રાન્સ સ્ટેડિયા ખાતે રમાયેલી મેચ રોમાંચથી ભરપૂર રહી હતી. અનેક તબક્કે મેચમાં બન્ને ટીમો વચ્ચે પોઈન્ટને લઈને ભારે સંઘર્ષ થતો જોવાયો હતો. આ સાથે ગુજરાતના અગિયાર મેચમાં આઠ વિજય સાથે ૪૭ પોઈન્ટ થયા હતા જ્યારે યુપીએ તેની ૧૫ મેચમાં તેની નવમી મેચ ગુમાવી છે અને તેના ૨૯ પોઈન્ટ થયા છે તથા તે ઝોન બીમાં પાંચમાં ક્રમે છે. ગુજરાતે ઝોન એમાં તેનો બીજો ક્રમ જાળવી રાખ્યો છે. ઝોન એમાં ગુજરાત હજુ યુ મુંબ્રાથી નવ પોઈન્ટ પાછળ છે જોકે, મુંબ્રા કરતા ગુજરાત અત્યાર સુધીમાં ત્રણ મેચ ઓછી રમ્યું છે. આજે ગુજરાતની ટીમે શરૂઆતથી જ આક્રમક રમત બતાવી હતી અને પ્રથમ હાફમાં ટીમે સતત પોઈન્ટ મેળવ્યા હતા અને રમતની થોડી જ વારમાં તો યુપીની ટીમને ઓલઆઉટ કરી નાખી હતી. એ સાથે જ યજમાન ટીમે પ્રારંભે જ મેચ પર પકડ જમાવી લીધી હતી. હાફ ટાઈમ પર ગુજરાતની ટીમે ૧૯-૧૦ની સરસાઈ મેળવી લીધી હતી. આ તબક્કે ગુજરાતની ટીમ રમતના દરેક પાસામાં યુપીની ટીમ સામે મજબૂત જણાઈ હતી અને તેણે હાફ ટાઈમ સુધીમાં રેડથી યુપીના પાંચ પોઈન્ટની સરખામણીએ સાત, ટેકલમાં પાંચની સામે આઠ, ઓલઆઉટના અને એક્સ્ટ્રા બે-બે પોઈન્ટ મેળવ્યા હતા.



બીજા હાફમાં યજમાન ટીમે શરૂઆતમાં કેટલિક ભૂલો કરતા તેમણે તેની કિંમત ચૂકવવી પડી હતી અને કેટલાક પોઈન્ટ ગુમાવ્યા હતા. એટલું જ નહિ એક તબક્કે તો ટીમ ઓલ આઉટ થઈ જતા યુપીએ ૨૩-૨૨થી સરસાઈ મેળવી હતી. જો કે, પ્રેક્ષકોના જોરદાર સમર્થન સાથે રમી રહેલી યજમાન ટીમ વળતી લડત આપીને મેચમાં પાછી ફરી હતી. છતાં તેણે વિજય માટે રીતસર ઝઝૂમવું પડ્યું હતું અને છેલ્લી ઘડી સુધી મેચ કઈ તરફે વળશે તે કહેવું મુશ્કેલ બન્યું હતું પરંતુ ગુજરાતના ખેલાડીઓએ શાનદાર આક્રમક રમત બતાવીને ઘરઆંગણે તેની વિજય કૂચ જાળવી રાખી છે. મેચ બાદ ગુજરાતના કોચ મનપ્રિતે કહ્યું હતું કે રમતના બીજા હાફમાં અમારી કેટલિક ભૂલો થઈ હતી જેથી મેચમાં વિજય મેળવવા અમારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

# અનુભૂતિનું અમૃત : ગાંધીકથા

**॥ ૩૦મો મણકો ॥**

હું આને 'ભારત હૃદય પ્રવેશ' કહું છું. ભારતના હૃદયમાં પ્રવેશ કરવાની આ ગાંધીજીની પદ્ધતિ હતી.

દેશભરમાં ફર્યા પછી ગાંધીજી એક તારણ પર આવ્યા હતા કે દેશમાં રાજકારણમાં રાચતા લોકોના મુખ્ય ચાર પ્રવાહો હતા. પ્રથમ બે પ્રવાહો કોંગ્રેસના હતા. કોંગ્રેસ બે ભાગોમાં વિભાજિત થયેલી સ્પષ્ટ દેખાતી હતી.

એક ભાગ હતો નરમદળ અને બીજો ભાગ હતો ગરમદળ. અલબત્ત, બંને ભાગોને પોતાનાં પ્રતિષ્ઠિત નામ હતાં, પણ લોકો તેમને આ નામે ઓળખતા.

ત્રીજું એક દળ હતું, જેને નામ તો નહોતું પણ દેશવાસીઓ તેને ક્રાંતિકારી તરીકે અને અંગ્રેજ સરકાર આતંકવાદી તરીકે ઓળખતી. આજે આ આતંકવાદી શબ્દ આપણને બીજા અર્થમાં ચિત્ત છે.



ચોથો એક એવો પણ સમૂહ હતો જે રાષ્ટ્ર માટે ઊંડાણથી વિચાર કરતો હતો. આ સમૂહ એવું માનતો હતો કે રાજકારણ માત્રથી પ્રશ્નને ઉકેલી ન શકાય. વિચારની ભૂમિકા રાજકારણની સપાટીથી ઉપરથી જોવી જોઈએ જેથી પ્રશ્નને વધુ સારી રીતે સમજી શકાય. આમ તો આ સમૂહનું કોઈ નેતૃત્ત્વ ન હતું પણ નામ આપવું હોય તો એમ કહી શકાય કે શ્રી અરવિંદ આ વિચારો ધરાવતા લોકોનું પ્રતિનિધિત્વ કરતા હતા.

દેશને સમજવાનો, લોકોમાં ભળવાનો એક સરળ એવો રસ્તો ગાંધીજીએ એ અપનાવ્યો હતો કે, 'જેને મળવું હોય, જેને સમજવાનો પ્રયાસ કરવાનો હોય તેના દોષ જોવાનું, તેની નબળાઈઓ જોવાનું કામ તેને જ સોંપવું. આપણે તો તેના ગુણ જ જોવા, તેની મજબૂતાઈ જ જોવી. કારણ કે તેના ગુણ જ આપણને કામ લાગશે.'

દેશના રાજકારણમાં રાચતા લોકોના જે ચાર પ્રવાહો હતા એમાંથી પણ ગાંધીજીએ ગુણો જ જોયા.

તેમણે જોયું કે,

- ગરમદળના લોકોને દેશની આઝાદી માટે તીવ્રતાની લાગણી છે.
- નરમદળના લોકો માને છે કે કામ નમ્રતા વિના ન કરવું જોઈએ.
- ક્રાંતિકારીઓમાં જે જાન ફરના કરવાની તૈયારી છે, ત્યાગભાવના છે તે કાબિલે તારિફ છે.
- ચોથા દળમાં લોકોના પ્રશ્નને માત્ર રાજકારણની દ્રષ્ટિએ નહીં, આખા રાષ્ટ્રના ઉત્થાનની દ્રષ્ટિએ જરાક ઉપલી સપાટીથી જોવો એ સારી બાબત છે.

ગાંધીજીએ આ બધી જ બાબતોને અપનાવી. સત્યાગ્રહના કાર્યક્રમ સાથે તેમણે તીવ્રતાની લાગણી પ્રગટ કરી ૩૦ વર્ષ પછી. **Quit India** ('ભારત છોડો') આંદોલનનો આરંભ કરીને. તીવ્ર લાગણી - ભારત છોડો.

અને પોતાની ફનાગીરી તો તેમણે સાબિત જ કરી આપી ૩૦મી જાન્યુઆરી, ૧૯૪૮ના દિવસે.

પોતાની નમ્રતા તેમણે અંગ્રેજો સમક્ષ વ્યક્ત કરી હતી. તેમણે પત્ર લખીને જણાવ્યું હતું કે, **My Dear Friends,** હું ખરેખર તમને મિત્ર ગણું છું અને તેથી કહું છું કે તમારે આ દેશ છોડવો જોઈએ. એમ નહીં કરો તો તમારી પ્રતિષ્ઠા ઘટશે.

વિવેકાનંદજીએ તમોગુણ પર રજોગુણની વાત કરી હતી તેનાથીય એક ડગલું આગળ ગાંધીજી નીકળી ગયા હતા. તેમણે એમ કહ્યું હતું કે તમોગુણ પર વિજય માટે રજોગુણની જ નહીં, તેનાથી પણ આગળ વધીને સત્ત્વગુણની આવશ્યકતા છે.

હિન્દુસ્તાનમાં આશ્રમ સ્થાપવાનો વિચાર કરતા હતા ત્યારે કોઈએ એમ પણ કહ્યું હતું કે ઋષિકેશ અથવા હરદ્વારમાં આશ્રમ સ્થાપો. એ પુણ્યભૂમિ છે, અનેક સાધુસંતો ત્યાંથી પસાર થાય છે, અનેક લોકો ત્યાં માથું નમાવે છે. પણ એમણે ના પાડી.

બિહારના દેવઘરમાં બાર જ્યોતિર્લિંગમાંનું એક જ્યોતિર્લિંગ છે, જ્યાં બનારસથી ગંગાજળને કાવડમાં લઈને લોકો ચાલતાં આવે છે. જ્યાં લોકોની શ્રદ્ધા આટલી બધી વ્યક્ત થાય છે ત્યાં આશ્રમ સ્થાપવાનું પણ તેમને કહેવામાં આવેલું. પણ તેઓ તો **Practical Idiolist** હતા. આદર્શવાદી ખરા, પણ એવા આદર્શવાદી જે વ્યવહાર ન ભૂલે.

તેમણે આશ્રમ સ્થાપ્યો અમદાવાદમાં. વાસ્તવિકતા શું હતી ? અમદાવાદના શ્રેષ્ઠીઓએ એવું કહેલું કે અમારે ત્યાં આશ્રમ સ્થાપશો તો શરૂઆતનું એક વર્ષ ખર્ચની ચિંતા તમારે કરવાની રહેશે નહીં, એ ખર્ચ અમે ઉપાડીશું.

જોકે, માત્ર આ ખર્ચની વાતથી જ અમદાવાદમાં આશ્રમ કર્યો એમ ન હતું. કારણ કે ત્યારે તો તેમણે આ ખર્ચની વાત કરી હોત તો એ આપવા અનેક લોકો તૈયાર થઈ જાત. પણ તેમનો આદર્શવાદ એમ કહેતો હતો કે, 'મારે જેમની સેવા કરવી છે એમની ભાષા મને આવડવી જોઈએ. મારે માટે મારી માતૃભાષા ગુજરાતી કરતાં સ્વાભાવિક બીજી કોઈ ભાષા નથી.' માટે તેમણે ગુજરાતમાં આશ્રમ સ્થાપવાનું નક્કી કર્યું અને ગુજરાતમાં આશ્રમ સ્થાપવો તો તેના કેન્દ્રસ્થાન એવા અમદાવાદમાં આશ્રમ સ્થાપવો એવું નક્કી થયું. ને તેથી કોચરબ આશ્રમ સ્થાપ્યો ને પછી સાબરમતી.

કોચરબમાં આશ્રમ સ્થાપ્યો ત્યાંથી જ તકલીફોની શરૂઆત થઈ ગઈ હતી. ડૉક્ટરની ભાષામાં જેને **Teething Difficulty** કહે છે, એવી તકલીફો અહીં પણ થવા લાગી.

આશ્રમ સ્થાપતી વેળા ગાંધીજીએ આશ્રમ નિયમાવલી તૈયાર કરી અને તેને આખા દેશમાં ફરતી કરી. જણાવ્યું કે, જેને આ નિયમો જેમને સ્વીકાર હોય તે આશ્રમમાં રહેવા આવી શકે છે. એ વખતે એમના સમવયસ્ક એવા અમૃતલાલ ઠક્કર કે જે પછીથી ઠક્કરબાપા તરીકે ઓળખાયા, તેમણે ગાંધીજીને પત્ર લખીને જણાવ્યું કે, 'હું એક દલિત પરિવારને મોકલું છું, જેણે તમારી આશ્રમ નિયમાવલી વાંચી છે અને એ નિયમો એમને સ્વીકાર છે. એ પરિવાર આશ્રમમાં રહેવા તૈયાર છે. તમે એને રાખશો ?' ગાંધીજી માટે તો સૌ સરખા હતા. તેમણે તરત હા પાડી ને આ દલિત પરિવાર આશ્રમમાં રહેવા આવી ગયો. પણ એ કારણે આશ્રમને મદદ કરતાં શ્રેષ્ઠીઓના ખભા જરા ઉંચકાયા. એમને અંદાજ નહોતો કે ગાંધીજી એમના પ્રયોગો આટલા વહેલા શરૂ કરી દેશે! (ક્રમશઃ)



**સૌજન્ય : કુંતલ નિમાવત સંપાદિત પુસ્તક 'ગાંધીકથા'**
**કથાકાર : સ્વ. શ્રી નારાયણ દેસાઈ**